પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૬૬ | ૮ ડિસેમ્બર, ૨૦૨૧, બુધવાર; માગશર સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# સુરતમાં નરાધમને ફાંસીની સજા

**અઢી વર્ષની બાળકી પર દુષ્કર્મ-હત્યા કેસમાં ગુડ્ડુ યાદવને ફાંસીની સજા : ધરપકડના સાત દિવસની અંદર ૧૫ નવેમ્બરે ૨૬૪ પાનાની ચાર્જશીટ દાખલ કરી હતી : ૨૨ દિવસના રેકોર્ડ સમયમાં આરોપીને સજા : કોર્ટે પાંચ દિવસમાં સુનાવણી પૂરી કરી, ૪૨ સાક્ષી તપાસાયા**

સુરત, તા.૭

સુરતમાં અઢી વર્ષની બાળકી સાથે દુષ્કર્મ અને હત્યા કેસમાં સેશન્સ કોર્ટે દોષિતને ફાંસીની સજા ફટકારી છે. સોમવારે સુરત કોર્ટમાં ચાર્જશીટ દાખલ કર્યાના ૨૨ દિવસના રેકોર્ડ સમયમાં ગુડ્ડુ યાદવને બે વર્ષની બાળકી પર બળાત્કાર અને હત્યાના ગુનામાં દોષિત ઠેરવવામાં આવ્યો હતો. ત્યારે આજે સુરત કોર્ટે બળાત્કાર અને હત્યાના ગુનેગારને ફાંસીની સજાની જાહેરાત કરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર સોમવારે બે વર્ષની બાળકી પર બળાત્કાર અને હત્યાના કેસમાં ચાર્જશીટ દાખલ થયાના ૨૧ દિવસની અંદર કોર્ટે ૩૫ વર્ષીય આરોપી ગુડ્ડુ યાદવને દોષિત ઠેરવ્યો હતો. પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફોર સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટના વિશેષ ન્યાયાધીશ પીએસ કલાએ યાદવને દોષિત ઠેરવ્યો હતો. અગાઉ કોર્ટે પાંચ દિવસમાં સુનાવણી પૂરી કરી હતી, જેમાં ૪૨ સાક્ષી ચકાસવામાં આવ્યા હતા. સુરતના જિલ્લા સરકારી વકીલ નયન સુખડવાલાએ જણાવ્યું હતું કે, 'કોર્ટે પાંચ દિવસમાં સુનાવણી પૂર્ણ કરી છે અને ફરિયાદ પક્ષે ફાંસીની સજાની માંગ કરી છે.



ફાંસીની સજાની અમારી માંગને સમર્થન આપવા માટે કુલ ૩૧ ચુકાદાઓ ટાંકવામાં આવ્યા છે. પોલીસે અગાઉ ગુનેગારની ધરપકડના સાત દિવસની અંદર ૧૫ નવેમ્બરે ૨૬૪ પાનાની ચાર્જશીટ દાખલ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, માસુમ બાળકીની ૪ નવેમ્બરના રોજ અપહરણ, બળાત્કાર અને હત્યા કરવામાં આવી હતી અને ૭ નવેમ્બરના રોજ તેનો મૃતદેહ મળી આવ્યો હતો. બીજા દિવસે સીસીટીવી ફૂટેજના આધારે પોલીસે યાદવની ધરપકડ કરી હતી.

## બ્રિટનમાં ઓમિક્રોન કમ્યુનિટી સ્પ્રેડ થતાં ભયનો માહોલ

**૩૮થી વધારે દેશોમાં ઓમિક્રોનના કેસ સામે આવ્યા : ટ્રાવેલ હિસ્ટ્રી વિના પણ ઘણા લોકો કોરોનાના નવા વેરિઅન્ટથી સંક્રમિત થઈ રહ્યા હોવાના અહેવાલ**

લંડન, તા.૭

દુનિયાના ૩૮થી વધારે દેશોમાં કોરોનાના નવા વેરિઅન્ટ ઓમિક્રોનના કેસ સામે આવી ચૂક્યા છે. દક્ષિણ આફ્રિકામાં સૌથી પહેલા ડિટેક્ટ થયેલા આ વેરિઅન્ટના અમેરિકા, બ્રિટન, યુરોપ, ભારતમાં પણ ઘણા ઝડપથી કેસ મળી રહ્યા છે. બ્રિટનમાં ઓમિક્રોનનો કમ્યુનિટી સ્પ્રેડ શરૂ થઈ ચૂક્યો છે. અહીં ટ્રાવેલ હિસ્ટ્રી વિના પણ ઘણા લોકો કોરોનાના નવા વેરિઅન્ટથી સંક્રમિત થઈ રહ્યા છે. યુકેના સ્વાસ્થ્ય મંત્રી સાજિદ જાવિદે સંસદમાં જણાવ્યુ કે દેશમાં કોરોનાના નવા વેરિઅન્ટના ૩૩૬ કેસ સામે આવી ચૂક્યા છે. ઈંગ્લેન્ડમાં આનો કમ્યુનિટી સ્પ્રેડ પણ જોવા મળ્યો છે. ઈંગ્લેન્ડમાં અત્યાર સુધી ૨૬૧ કેસ સામે આવી ચૂક્યા છે જ્યારે સ્કૉટલેન્ડમાં ૭૧, વેલ્સમાં ૪ કેસ સામે આવ્યા છે. સાજિદ જાવિદે રહ્યુ, કેટલાય કેસ એવા આવી રહ્યા છે, જેની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી પણ નથી. એવામાં અમે એ પરિણામ પર પહોંચ્યા છે કે ઈંગ્લેન્ડના કેટલાક ક્ષેત્રોમાં કમ્યુનિટી સ્પ્રેડ જોવા મળી રહ્યા છે. અમે કંઈ પણ નસીબ પણ છોડી રહ્યા નથી. તેમણે કહ્યુ જ્યારે દુનિયાના વૈજ્ઞાનિક નવા વેરિઅન્ટ વિશે જાણકારી એકઠી કરવામાં લાગેલા છે ત્યારે અમારી રણનીતિ કોરોનાના નવા વેરિઅન્ટની સામે પોતાની ડિફેન્સ મજબૂત કરવાની છે. જોકે, જાવિદે યુકે હેલ્થ સિક્યોરિટી એજન્સી દ્વારા જારી ડેટાનો પણ ઉલ્લેખ કર્યો, જેમાં વૈજ્ઞાનિકોએ ઓમિક્રોનની સમય મર્યાદા ડેલ્ટા વેરિઅન્ટ કરતા



ઓછી હોવાની સંભાવના વ્યક્ત કરી છે. તેમણે કહ્યુ હજુ એ પણ સ્પષ્ટ નથી કે આ વાયરસ કેટલો જોખમી છે અને વેક્સિનની આની પર શુ અસર પડશે. તેથી અમે કંઈ પણ નિશ્ચિત કહી શકતા નથી કે આ વેરિઅન્ટ અમને રિકવરીના પાટા પરથી ઉતારી દેશે કે નહીં. મંગળવારે બ્રિટનમાં નૉન રેડ લિસ્ટ દેશમાંથી ભલે તે વેક્સિનેટેડ થયા હોય કે નહીં, તેને યુકેમાં આવવા માટે ૪૮ કલાક પહેલા જઁ ઝઇ નેગેટીવ રિપોર્ટ બતાવવો પડશે. જાવિદે કહ્યુ કે બે દિવસ પહેલા પીસીઆર ટેસ્ટ અને નેગેટીવ રિપોર્ટ ન આવવ સુધી આઈસોલેશન જેવા ઉપાય અસ્થાયી છે અને તેમને આગામી અઠવાડિયે રિવ્યૂ કરવામાં આવશે.

## દિલ્હીમાં કોરોનાના વધતા કેસ

**દિલ્હીમાં લોકડાઉન નહીં થાય : દેશમાં ઓમિક્રોનના કેસમાં ઝડપી વધારો : દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રીએ કહ્યું કે, ૨૭ લોકો એલએનજેપી હોસ્પિટલમાં દાખલ છે જેમાંથી ૧૭ કોવિડ પોઝિટિવ છે**

નવી દિલ્હી, તા.૭

ભારતમાં ઓમિક્રોનના કેસમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે, સઘન ટેસ્ટિંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી હોવા છતાં દેશમાં ઓમિક્રોન પ્રવેશી ગયો છે. આવામાં દિલ્હીમાં વધતા કોરોનાના કેસને જોતા લોકડાઉનની અટકળો લગાવવામાં આવી રહી હતી. જેના પર સરકારે સ્પષ્ટતા કરી દીધી છે. દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈને કહ્યું છે કે, કુલ ૨૭ લોકો એલએનજેપી હોસ્પિટલમાં દાખલ છે જેમાંથી ૧૭ કોવિડ પોઝિટિવ છે. એક વ્યક્તિમાં ઓમિક્રોનની પુષ્ટી થઈ છે. બાકી લોકોની તપાસ ચાલુ છે. હોસ્પિટલમાં દાખલ થયેલા લોકોમાં ઘણાં એવા પણ કેસ છે કે જેમનામાં કોઈ લક્ષણ નથી. સત્યેન્દ્ર જૈને કહ્યું છે કે, કોરોનાના વધતા કેસને ધ્યાનમાં રાખીને દિલ્હી સરકાર 'ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન' ફોલો કરશે. તેમણે કહ્યું કે હાલ લોકડાઉનની કોઈ સંભાવના નથી. જ્યારે સંક્રમણનો દર ૦.૫% એટલે કે ૧ હજારની સામે ૫ લોકો પોઝિટિવ આવવાના શરુ થશે ત્યારે પહેલો તબક્કો શરુ થશે. બીજો તબક્કો ૧% પર એટલે કે ૧૦૦૦ સામે ૧૦ લોકો પોઝિટિવ આવવા પર શરુ કરાશે. ત્રીજો તબક્કો ૧૦૦૦ પર ૨૦ લોકો પોઝિટિવ આવવાના શરુ થશે ત્યારે શરુ થશે. સંક્રમણનો દર ૫% પર પહોંચ્યા પછી વધારે કડકાઈ રખાશે. હાલ દિલ્હીમાં સંક્રમણ ઘણું નીચું છે માટે લોકડાઉનની જરુર નથી. રાજ્યના સ્વાસ્થ્ય મંત્રીએ જણાવ્યું કે, ઓમિક્રોન

## ૨૦૨૨ બિજિંગ ઓલિમ્પિકના બહિષ્કારની યુએસની જાહેરાત

**યુએસ ચીનની ધમકીને ઘોળીને પી ગયું : બહિષ્કાર રાજકીય હોવાથી યુએસના ખેલાડીને તેમાં ભાગ લેવા પર રોક નહીં, અધિકારીઓ તેમાં ભાગ નહીં લે**

વૉશિંગ્ટન, તા.૭

ચીને વળતી કાર્યવાહી કરવાની ધમકી આપી હોવા છતા અમેરિકાએ ૨૦૨૨માં બિજિંગમાં રમાનારી વિન્ટર ઓલિમ્પિકનો રાજકીય બહિષ્કાર કરવાની જાહેરાત કરી દીધી છે. આ બહિષ્કાર જોકે રાજકીય હોવાથી અમેરિકાના ખેલાડીઓને તેમાં ભાગ લેવા પર રોક નહીં લાગે.જોકે અમેરિકાના અધિકારીઓ તેમાં ભાગ નહીં લે.ચીનના કંગાળ માનવાધિકાર રેકોર્ડના કારણે બાઈડન સરકારે બહિષ્કારનુ એલાન કર્યુ છે. જોકે અમેરિકામાં ૨૦૨૮માં ઓલિમ્પિક યોજાવાની છે ત્યારે સવાલ ઉઠવા માંડ્યા છે કે, ચીન વળતા જવાબ તરીકે આ ઓલિમ્પિકના બહિષ્કારની કાર્યવાહી કરશે કે બીજી કોઈ રીતે અમેરિકાને જવાબ આપશે. આ પહેલા ચીને બાઈડન સરકારની ટીકા કરતા કહ્યુ હતુ કે, અમેરિકા રમતોમાં રાજકારણ ઘૂસાડવાની કોશિશ કરી રહ્યુ છે. ચીનના બિજિંગમાં વિન્ટર ઓલિમ્પિક માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે.આ સાથે જ બિજિંગ વિન્ટર ઓલિમ્પિક અને સમર ઓલિમ્પિક એમ બંને પ્રકારની ઓલિમ્પિકની યજમાની કરનાર પહેલુ શહેર બની જશે.૨૦૦૮માં ચીનમાં સમર ઓલિમ્પિક યોજાઈ હતી. અમેરિકાની સાથે યુરોપના દેશો પણ વિન્ટર ઓલિમ્પિકનો રાજકીય બહિષ્કાર કરી શકે છે.અમેરિકાએ ચીનના ઉઈગર મુસ્લિમો પર થઈ રહેલા અત્યાચાર સામે રાજકીય બહિષ્કારનુ એલાન આપ્યુ છે.અમેરિકાનુ કહેવુ છે કે, તિબેટ અને હોંગકોંગમાં પણ માનવાધિકારની સ્થિતિ ચિંતાજનક છે. જોકે ચીન કહે છે કે, શિનજિયાંગ પ્રાંતનો મામલો ચીનનો આંતરિક મામલો છે અને તેમાં કોઈ વિદેશી હસ્તક્ષેપ ચલાવી લેવામાં નહીં આવે.

## હજુ, બેદરકારી રખાશે તો દેશમાં કોરોનાની ત્રીજી લહેરનો ખતરો

**દેશમાં ઓમિક્રોનના કેસ ૨૩ પર પહોંચી ગયા : બુસ્ટર ડોઝ અને ૧૨-૧૮ વર્ષની ઉંમરના લોકોને રસી મળે તે અંગે સરકાર ઝડપથી વિચાર કરે તેવો પણ અનુરોધ આઈએમએએ કર્યો**

નવી દિલ્હી, તા.૭

ભારતમાં આવેલા ઓમિક્રોન વેરિયન્ટના કેસની સંખ્યા વધીને ૨૩ પર પહોંચી ગઈ છે અને હજુ પણ આ આંકડામાં વધારો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. જે પ્રકારે ઓમિક્રોન વેરિયન્ટ ઝડપથી ફેલાઈ રહ્યો છે તે કેટલો ખતરનાક સાબિત થશે તે અંગે હજુ વૈજ્ઞાનિકો દ્વારા રિસર્ચ કરવામાં આવી રહ્યા છે. બીજી તરફ ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈએમએ) દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ઓમિક્રોનની ફેલાવાની ગતિને જોતા ભારત કોરોનાને જે રીતે હરાવી રહ્યું છે અને સામાન્ય સ્થિતિ બની રહી છે તેવામાં બેદરકારી ત્રીજી લહેરનું કારણ બની શકે છે. જોકે, હજુ સુધી દુનિયામાં દેખાયેલા ઓમિક્રોન વેરિયન્ટના કારણે કોઈ ગંભીર પરિસ્થિતિ સર્જાઈ હોવાનું સામે આવ્યું નથી. આ સાથે બુસ્ટર ડોઝ અને ૧૨-૧૮ વર્ષની ઉંમરના લોકોને રસી મળે તે અંગે સરકાર ઝડપથી વિચાર કરે તેવો પણ અનુરોધ આઈએમએએ કર્યો છે. આઈએમએ સંગઠને બેદરકારીના કારણે ઓમિક્રોન વેરિયન્ટ વધારે ગંભીર સાબિત થવાની આશંકા વ્યક્ત કરી છે. આઈએમએ દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે હાલના વૈજ્ઞાનિક રિસર્ચ અને તેની ઉત્પત્તિવાળા દેશો સાથે જોડાયેલા અનુભવોથી ખ્યાલ આવે છે કે ઓમિક્રોન વધારે ઝડપથી ફેલાય છે અને વધારેમાં વધારે લોકોને પોતાના સકંજામાં લઈ શકે છે. સંગઠન દ્વારા કહેવામાં આવ્યું છે કે, એવા સમયે કે જ્યારે ભારત દેશ સામાન્ય સ્થિતિમાં પરત ફરી રહ્યો છે, આ મોટો ઝાટકો સાબિત થઈ શકે છે. જો પુરતા ઉપાય કરવામાં ના આવ્યા તો આપણે મહામારીની ભયંકર ત્રીજી લહેરનો સામનો કરવો પડી શકે છે.



આઈએમએ દ્વારા સરકારને સ્વાસ્થ્યકર્મીઓ, ફ્રન્ટ લાઈન વર્કર અને ગંભીર બીમારીઓથી પીડાતા વ્યક્તિઓ માટે કોરોનાના બૂસ્ટ ડોઝ અંગે નિર્ણય લેવા માટે સૂચન કર્યું છે. અશોક વિદ્યાલયના ભૌતિક અને જીવ વિજ્ઞાનના પ્રોફેસર ગૌતમ મેનને કહ્યું કે તેમને લાગે છે કે, સૌથી જરુરી મોટાભાગની વસ્તીને પહેલો અને બીજો ડોઝ મળી જાય તે જરુરી છે.

## ૩૧ ડિસેમ્બર ઈન્કમટેક્સ રિટર્ન ફાઈલ કરવાની અંતિમ તારીખ

**સરકાર તરફથી આપવામાં આવેલી નિર્ધારિત તારીખ પછી ઇન્કમટેક્સ ફાઇલ કરવા પર ૫૦૦૦નો દંડ થઈ શકે છે : અત્યારસુધી ૩ કરોડ કરદાતાઓએ ઈન્કમટેક્ષ રીટર્ન ભર્યું**

નવી દિલ્હી, તા.૭

આકારણી વર્ષ ૨૦૨૧-૨૨ માટે ઈક્રમટેક્સ રિટર્ન એટલે કે આઈટીઆર દાખલ કરવાની અંતિમ તારીખ ૩૧ ડિસેમ્બર છે. નાણા મંત્રાલયે રવિવારે માહિતી આપી છે કે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે અત્યારસુધી ત્રણ કરોડથી વધારે લોકોએઁઈ્ દાખલ કર્યું છે. આ સાથે જ મંત્રાલયે અત્યારસુધી ઈક્રમટેક્સ રિટર્ન ફાઈલ ન કરનારા કરદાતાઓને ઝડપથી રિટર્ન ફાઈલ કરવાની અપીલ કરી છે. એક અધિકારિક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, દરરોજ ઈક્રમટેક્સ રિટર્ન ફાઈલ કરનારા કરદાતાઓની સંખ્યા ચાર લાખને પાર થઈ ગઈ છે. ૩૧મી ડિસેમ્બર તારીખ નજીક આવતાની સાથે સંખ્યામાં વધારે થઈ રહ્યો છે. સરકાર તરફથી આપવામાં આવેલા જાણકારી પ્રમાણે નિર્ધારિત તારીખ પછી ઈક્રમટેક્સ ફાઈલ કરવા પર ૫૦૦૦ રૂપિયાનો દંડ થઈ શકે છે.

## સેન્સેક્સમાં ૮૮૬, નિફ્ટીમાં ૨૬૪ પોઈન્ટનો ઊછાળો

મુંબઈ, તા.૭


આ દિવસોમાં શેરબજારમાં ભારે અસ્થિરતા જોવા મળી રહી છે. સપ્તાહના પ્રથમ દિવસે સેન્સેક્સ એક સમયે ૧૦૦૦ પોઈન્ટ્સથી વધુ તૂટ્યો હતો, પરંતુ અંતે ૯૪૯ પોઈન્ટ ઘટીને બંધ રહ્યો હતો. આજે મંગળવારે શેરબજારે ઊંધું વલણ બતાવ્યું અને ઉપર તરફ દોડવાનું શરૂ કર્યું. જોતજોતામાં સેન્સેક્સ ૧૧૦૦ પોઈન્ટની ઉપર પહોંચી ગયો. અંતે સેન્સેક્સ ૮૮૬ પોઈન્ટના વધારા સાથે ૫૭,૬૩૩ પોઈન્ટ પર બંધ રહ્યો હતો જે ગઈકાલે સાંજે ૫૬,૭૪૭ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો. નિફ્ટી પણ ૨૬૪ પોઈન્ટના ઉછાળા સાથે ૧૭,૧૭૬ પોઈન્ટ પર બંધ રહ્યો હતો.

## આબુમાં ઠંડીનો પારો ગગડીને પાંચ ડીગ્રી પર ઉતરી ગયો

**કાતિલ ઠંડી વચ્ચે લોકોએ નકી લેકમાં બોટિંગની મજા માણી : ઉત્તર ભારતમાં હાડ થિજાવતી ઠંડી**

અમીરગઢ, તા.૭

ઉત્તર ભારતમાં હાડ થીજવતી ઠંડી પડી રહી છે. આ વચ્ચે રાજસ્થાનના હિલ સ્ટેશન અને ગુજરાતીઓના ફેવરિટ તેવા માઉન્ટ આબુમાં પણ કડકડતી ઠંડી પડી રહી છે. શિયાળાની શરૂઆત સાથે જ માઉન્ટ આબુના તાપમાનમાં ઘટાડો થઈ રહ્યો છે. છેલ્લા બે દિવસથી છવાયેલા વાદળછાયા વાતાવરણના કારણે ઠંડીનું જોર વધ્યું હતું અને એક દિવસ પહેલા તાપમાનનો પારો ગગડીને પાંચ ડિગ્રીએ પહોંચી ગયો હતો. શિયાળામાં પણ માઉન્ટ આબુમાં પ્રવાસીઓનો ધસારો જોવા મળી રહ્યો છે. ઠંડીમાં અહીં ફરવા આવેલા



લોકો પણ ઠુંઠવાયા હતા. જો કે, તેમણે આવી કાતિલ ઠંડી વચ્ચે નકી લેકમાં બોટિંગ કરવા સહિતની મજા પણ માણી હતી. બનાસકાંઠા જિલ્લાને અડીને આવેલા માઉન્ટ આબુમાં પર્યટકોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. ગત શનિવાર-રવિવારના દિવસે તો માત્ર નકી લેક જ નહીં પરંતુ ગુરુશિખર, દેલવાડા સહિતની જગ્યાઓ પર પણ એટલી ભીડ હતી. પર્યટકોએ ઠંડીની વચ્ચે વહેલી સવારે અને મોડી રાતે તાપણું કરતાં જોવા મળ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, માઉન્ટ આબુ એ ગુજરાતીનું પ્રિય સ્થળ છે. મોટાભાગના ગુજરાતીઓ કોઈ તહેવારની રજા પર અથવા વીકએન્ડ પર પરિવાર સાથે અહીંયા પહોંચી જતા હોય છે. ગુજરાતની વાત કરીએ તો, હવામાન વિભાગે કરેલી આગાહી પ્રમાણે આગામી દિવસોમાં ઠંડીનો ચમકારો વધવાનો છે.

## ગોવાના પૂર્વ મુખ્યમંત્રી રવિ નાઈકનું કોંગ્રેસમાંથી રાજીનામું

**નાઈકના રાજીનામાની સાથે ૪૦ સભ્યોની વિધાનસભામાં હવે કોંગ્રેસના ધારાસભ્યોની સખ્યા ઘટીને ત્રણ થઈ**

પણજી, તા.૭

ગોવામાં ચૂંટણી પહેલા કોંગ્રેસને ઝાટકો વાગ્યો છે.કોંગ્રેસના ધારાસભ્ય અને પૂર્વ સીએમ રવિ નાઈકે ધારાસભ્ય પદેથી રાજીનામુ આપી દીધુ છે. નાઈક ભાજપમાં સામેલ થશે તેવી ચર્ચા છે.જોકે રવિ નાઈકે પોતે કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી.આ પહેલા ઓકટોબર મહિનામાં પણ ગોવાના પૂર્વ સીએમ લુઈજિન્હો ફલેરિયાએ કોંગ્રેસમાંથી રાજીનામુ આપીને મમતા બેનરજીની ટીએમસી પાર્ટી જોઈન કરી હતી નાઈકના રાજીનામાની સાથે જ ૪૦ સભ્યોની વિધાનસભામાં હવે કોંગ્રેસના ધારાસભ્યોની સખ્યા ઘટીને ત્રણ થઈ ગઈ છે.આ પહેલા રવિ નાઈકના બે પુત્રો ગયા વર્ષે ભાજપમાં સામેલ થઈ ચુકયા છે. નાઈક હવે મહારાષ્ટ્રના પૂર્વ સીએમ અને ગોવાના ભાજપના



પ્રભારી દેવેન્દ્ર ફડનવિસની હાજરીમાં ભાજપમાં સામેલ થાય તેવી શક્યતા છે. ૨૦૧૭માં જ્યારે ગોવામાં ચૂંટણી થઈ ત્યારે કોંગ્રેસ ૧૭ બેઠકો જીતીને સૌથી મોટી પાર્ટી તરીકે સામે આવી હતી.જોકે ભાજપે ૧૩ બેઠકો જીતીને બીજી પાર્ટીઓ સાથે જોડાણ કરીને સરકાર બનાવી હતી.

